For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ફૂટેલા કોલ્ડ પાયરો ક્રેકર્સ મળી આવતા તંત્રે હાશકારો અનુભવ્યો

# અનગઢ નવાપુરા બ્રિજ નીચે રેલ્વે ટ્રેક પર શંકાસ્પદ પદાર્થ મળતા પોલીસ-રેલવે તંત્ર દોડતું થયુ

**નંદેસરી** પોલીસ મથકે ગુનો દાખલ,નજીકમાં લગ્ન પ્રસંગમાં ઉપયોગમાં લેવાયો હોવાનું પ્રાથમિક અનુમાન



(પ્રતિનિધિ) વડોદરા,તા.21

વડોદરા શહેરમાં શાળાઓમાં બોમ્બના ધમકીભર્યા ઈમેલ મળ્યા બાદ રેલ્વે ટ્રેક ઉપરથી વિસ્ફોટક જેવો પદાર્થ મળી આવતા પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિત વિવિધ એજન્સીઓની સાથે બોમ્બ અને ડોગ સ્કોડની ટીમ દ્વારા એફએસએલની મદદ વડે સઘન ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જોકે પોલીસની પ્રાથમિક તપાસમાં શંકાસ્પદ હાલતમાં મળી આવેલ વિસ્ફોટક જેવો પદાર્થ કોલ્ડ પાયરો નામના ફટાકડા હોવાનું જાણવા મળવા તંત્રે રાહતનો શ્વાસ લીધો હતો. જોકે આ કોઈ તીખડખોર દ્વારા કરવામાં આવ્યું હોય પોલીસ દ્વારા આ બાબતને ગંભીરતાથી ધ્યાને લઈ નંદેસરી પોલીસ મથક ખાતે ગુનો રજિસ્ટર કરી આગળની તપાસ હાથધરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નંદેસરી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલા કોટનાથી અનગઢ જતા હાઈવે નીચેથી પસાર થતી રેલવે લાઈન જે નવાપુરા બ્રિજના સ્થળ તરીકે ઓળખવામાં આવે છે. અંદાજે 8 થી 8:30 વાગ્યાની આસપાસ રેલવે કર્મચારી મુસ્તાક અહેમદ એમના રૂટિન પેટ્રોલિંગમાં હતા. તેઓને આ શંકાસ્પદ વસ્તુ ધ્યાનમાં આવી હતી. ત્યારબાદ તેઓએ આરપીએફના ઉચ્ચ અધિકારીઓને આ બાબતે જાણ કરી હતી. જેથી આરપીએફ દ્વારા લોકલ પોલીસને જાણ કરવામાં આવતા સ્થાનિક પોલીસ સ્ટેશનના પીઆઈ અને જોઈન્ટ પોલીસ કમિશ્નર સહિતના તમામ ઉચ્ચ અધિકારીઓ, અલગ અલગ બ્રાન્ચ જેમાં ખાસ કરીને ડોગ અને બોમ્બ સ્કોડ, એસઓજી અને એફએસએલની ટીમ ગંભીરતાને ધ્યાનમાં રાખીને સ્થળ ઉપર ત્વરિત પહોંચી હતી અને ચકાસણી શરૂ કરવામાં આવી હતી. શંકાસ્પદ વસ્તુ ઓલ્ડ પાયરો જેનો ખાસ કરીને લગ્ન પ્રસંગમાં ઉપયોગ કરવામાં આવે છે. તે પ્રકારના ક્રેકર્સ એનું એક યુનિટ જૂથ જેવું બનાવેલું હતું.

**પાંચ જથ્થાનું યુનિટ ટ્રેકની અંદરના ભાગે અને એક છૂટું પડેલું ટ્રેક બહાર જોવા મળ્યું**

રેલવેનો જે ટ્રેક છે, એની ઉપર બે લેન છે, બે ટ્રેક એમાં ટ્રેકની વચ્ચે જે 5 જથ્થાનું યુનિટ છે. એ ટ્રેકની અંદરની સાઈડ પડ્યું હોય અને એમાંથી એક કદાચ અલગ પડી ગયું હોય એ ટ્રેકની બહારની સાઈડ જોવા મળ્યું હતું. જે સૌ પ્રથમ ત્યાંના કર્મચારી જે છે. એની પૂછપરછમાં જેઓ પેટ્રોલિંગમાં હતા એમના દ્વારા જણાવવામાં આવ્યું હતું. આ ગ્રામ્ય વિસ્તાર છે અને જે પ્રારંભિક માહિતી મળી હતી એ પ્રમાણે બે દિવસ દરમિયાન ત્યાં લગ્ન પ્રસંગ પણ છે. કદાચ એ લગ્ન પ્રસંગમાં આનો ઉપયોગ કરવામાં આવ્યો હોય એવી પણ શક્યતાને નકારી શકાય તેમ નહીં. એ દિશામાં પણ પોલીસ તપાસ કરી રહી છે. જો તપાસ દરમિયાન કંઈક હકીકત ધ્યાને આવશે તો એ દિશામાં પણ તપાસ કરવામાં આવશે.

**- જગદીશ ચાવડા,** ડીસીપી ઝોન-1

### તરસાલીમાં ખોદકામ દરમિયાન લાઈન તોડી નંખાતા રોડ પર 'નદીઓ' વહી

# એકતરફ પાણી માટે વલખાં, બીજીતરફ કોન્ટ્રાક્ટરની બેદરકારીથી લાખો લીટરનો વેડફાટ

**કમિશનર** બેજવાબદાર કોન્ટ્રાક્ટર અને નિરીક્ષકો સામે કડક પગલાં ભરે તેવી લોક માંગ




(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરા શહેરના અનેક વિસ્તારોમાં જ્યારે જનતા શુદ્ધ પીવાના પાણી માટે વલખાં મારી રહી છે અને અપૂરતા પાણીની બૂમો પડી રહી છે, ત્યારે બીજી તરફ પાલિકાના બેજવાબદાર કોન્ટ્રાક્ટરો દ્વારા વિકાસના નામે વિનાશ કરવામાં આવી રહ્યો છે. શનિવારે સવારે તરસાલી વિસ્તારના શાક માર્કેટ પાસે આવેલા મહાકાળી માતાજીના મંદિર નજીક કોન્ટ્રાક્ટરના આડેધડ ખોદકામને કારણે પાણીની મુખ્ય લાઈન તૂટી ગઈ હતી. આ ઘટનાને પગલે લાખો લીટર શુદ્ધ પાણી ગટરોમાં વહી ગયું હતું, જેના કારણે સ્થાનિક રહીશોમાં તંત્ર પ્રત્યે ભારે રોષ જોવા મળ્યો છે.

પાણીની લાઈન તૂટતાની સાથે જ સમગ્ર રસ્તા પર પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. કલાકો સુધી પીવાનું કિંમતી પાણી રસ્તાઓ પર વેડફાતું રહ્યું, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે કોઈ પણ જવાબદાર નિરીક્ષક કે અધિકારી ઘટનાસ્થળે ફરક્યા ન હતા. આ વિસ્તારના રહીશોએ જણાવ્યું હતું કે, "એકબાજુ અમને પૂરતું પાણી મળતું નથી અને બીજી બાજુ તંત્રની નજર સામે આટલો મોટો વેડફાટ થઈ રહ્યો છે, શું આ જ સ્માર્ટ સિટી છે?" રસ્તાઓ પર પાણી ફરી વળવાને કારણે વાહનચાલકો અને રાહદારીઓની હાલત કફોડી બની હતી. પાણી અને કાદવના કારણે દ્વિ-ચક્રી વાહનો સ્લિપ થવાની અને અકસ્માત થવાની ભીતિ સેવાઈ રહી હતી. શાક માર્કેટ હોવાથી લોકોની ભારે ભીડ વચ્ચે વાહનો ચલાવવા મુશ્કેલ બન્યા હતા.

# ઉનાળાનો પગરવ શરૂ, તાપમાન વધી 35.4 ડિગ્રીએ



(પ્રતિનિધિ) વડોદરા,તા.21

વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ સાયકલોનિક સર્ક્યુલેશન અને ટ્રફ એમ ત્રણ સિસ્ટમ સક્રિય થતા ઋતુઓનો ત્રિવેણી સંગમ થયા બાદ ફરી વાતવરણમાં ફેરફાર થયો હતો. શનિવારે મહત્તમ પારો વધીને 35.4 ડિગ્રીએ પહોંચ્યો હતો. જેના કારણે નગરજનોને ગરમી અનુભવાઈ હતી.

એક સાથે ત્રણ સિસ્ટમ સક્રિય થતા વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. જેના કારણે એક જ દિવસમાં લોકોએ ત્રણ ઋતુનો પણ અનુભવ કર્યો હતો. સવારે ઠંડી બપોરે ઉકળાટ અને પછી વરસાદ પડ્યો હતો. જોકે શનિવારે આ સિસ્ટમ ખસી જતા ફરી એક વખત મહત્તમ તાપમાનમાં વધારો નોંધાયો હતો. શનિવારે શહેરનું મહત્તમ તાપમાન 35.4 ડિગ્રી અને લઘુતમ તાપમાન 19.8 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 72 ટકા અને સાંજે 25 ટકા નોંધાયું હતું. નોંધનીય છે કે, રાજ્યમાં હવે ઠંડીએ વિદાય લીધી છે અને તાપમાન વધવા લાગ્યું છે. ખાસ કરીને દિવસ દરમિયાન તાપમાનમાં ઝડપી વધારો થયો છે. અને બપોરે તો ઉનાળા જેવો અનુભવ થવા લાગ્યો છે. રાજ્યના અમુક શહેરોમાં દિવસનું તાપમાન વધી ગયું છે. હવામાન વિભાગ મુજબ માર્ચ મહિનાના પ્રથમ અઠવાડિયા પછી ગરમીમાં તીવ્ર વધારો થશે.

### બિલ્ડર મનીષ પટેલ અને તેની પત્ની રૂપલ પટેલ વિરુદ્ધ વધુ બે ઠગાઈની ફરિયાદો નોંધાઈ

# ક્રિસ્ટલ પ્રમુખ કોમર્શિયલ હબના બિલ્ડર દંપતી સામે વધુ બે ઠગાઈની ફરિયાદ

**બે વેપારીઓએ** પાંચ દુકાનો માટે રૂ.1.05 કરોડમાં બુકિંગ કરાવી તેમાંમાંથી રૂ.87.54 લાખ ચૂકવી દીધા હોવા છતાં દંપતીએ વેચાણ દસ્તાવેજ કરી ન આપ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરાના ન્યૂ વી.આઈ.પી. રોડ પર આવેલા ક્રિસ્ટલ પ્રમુખ કોમર્શિયલ હબના બિલ્ડર મનીષ પટેલ અને તેની પત્ની રૂપલ પટેલ વિરુદ્ધ વધુ બે ઠગાઈની ફરિયાદો નોંધાઈ છે. બે વેપારીઓએ કુલ પાંચ દુકાનો માટે રૂ.1.05 કરોડમાં બુકિંગ કરાવી તેમાંમાંથી રૂ.87.54 લાખ ચૂકવી દીધા હોવા છતાં બિલ્ડર દંપતીએ આજદિન સુધી ન તો દુકાનોનો કબજો આપ્યો છે કે ન તો વેચાણના દસ્તાવેજ કરી આપ્યા છે.

પ્રથમ બનાવમાં વડોદરા શહેરના વારસિયા વિસ્તારની નવયુગ સોસાયટીમાં રહેતા ધર્મેશ જેઠાનંદ લોહાણાએ ફરિયાદ નોંધાવી છે. તેમની ફરિયાદ મુજબ વર્ષ 2015માં કેયા બિલ્ટેક એલએલપીના ભાગીદાર બિલ્ડર મનીષ મહેન્દ્ર પટેલે ખોડીયારનગર ચાર રસ્તા પાસે, અર્થ આઈકોનની સામે ન્યૂ વી.આઈ.પી. રોડ પર ક્રિસ્ટલ પ્રમુખ કોમર્શિયલ હબ નામની દુકાનો તથા ઓફિસોની સ્કીમ લોન્ચ કરી હતી. આ સ્કીમમાં ધર્મેશભાઈ અને તેમના ભાઈ કમલેશભાઈએ ગ્રાઉન્ડ ફ્લોર ઉપર જી/એફ-87, 88, 89 અને 90 નંબરની કુલ ચાર દુકાનો રૂ.86 લાખમાં ખરીદવાનું નક્કી કર્યું હતું. બુકિંગ સહિત અલગ-અલગ તારીખે ચેક દ્વારા રૂ.70.53 લાખ ચૂકવ્યા હોવા છતાં બિલ્ડરે ન તો દુકાનોનું બાંધકામ પૂરું કર્યું છે કે ન તો કબજો તથા દસ્તાવેજ આપી રહ્યા છે. ચૂકવેલ રકમ પણ પરત આપવામાં આવી નથી.




આ મામલે મનીષ મહેન્દ્ર પટેલ અને તેની પત્ની રૂપલ પટેલ (રહે. સિલ્વર પાર્ક, કરોડીયા રોડ તથા સાયન પનાસા, નટુભાઈ સર્કલ, રસકોર્સ, વડોદરા) દ્વારા છેતરપિંડી કરવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

બીજા બનાવમાં વારસિયા ધોબી તળાવ પાસે આવેલી સિંધિ ગવર્મેન્ટ સોસાયટીમાં રહેતા વેપારી વિક્કી નારાયણદાસ મંગલાણી (ઉ.વ. 47) એ ફરિયાદ નોંધાવી છે. તેમણે પણ વર્ષ 2015માં ક્રિસ્ટલ પ્રમુખ કોમર્શિયલ હબની સ્કીમમાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપર એફ-10 નંબરની દુકાન રૂ.29.14 લાખમાં બુક કરાવી હતી અને રૂ.17.01 લાખ ચૂકવી દીધા હતા. બિલ્ડરે બાંધકામ પૂરું થયા બાદ કબજો અને પાકો વેચાણ દસ્તાવેજ આપવાની ખાતરી આપી હતી, પરંતુ આજદિન સુધી ન તો દુકાનનો કબજો મળ્યો છે કે ન તો દસ્તાવેજ. આ બંને ફરિયાદોના આધારે મહાઠગ બિલ્ડર મનીષ પટેલ અને તેની પત્ની રૂપલ પટેલ વિરુદ્ધ ઠગાઈનો ગુનો નોંધાઈ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### કલેક્ટર સામેની નારાજગી યથાવત?

# સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદાર સતત બીજી સંકલન બેઠકમાં ગેરહાજર



**વડોદરા** સંકલન સમિતિમાં કરજણ અને પાદરાના પ્રશ્નો ગાજ્યા, ધારાસભ્ય અક્ષય પટેલ અને ચૈતન્યસિંહ ઝાલા આક્રમક

(પ્રતિનિધિ) વડોદરા. તા.21

વડોદરા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા સંકલન સમિતિની મળેલી બેઠકમાં સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારની સતત બીજી વખતની ગેરહાજરીએ રાજકીય આલમમાં અનેક સવાલો ઊભા કર્યા છે. ઉલ્લેખનીય છે કે, આ અગાઉની બેઠકમાં પણ તેઓ ગેરહાજર રહ્યા હતા. તે સમયે તેમણે સ્પષ્ટપણે નારાજગી વ્યક્ત કરી હતી કે અધિકારીઓ પ્રજાના કામો કરતા નથી અને સંકલનનો અભાવ જોવા મળે છે. સતત બીજી બેઠકમાં તેમની ગેરહાજરી સૂચવે છે કે અધિકારીઓ પ્રત્યેની તેમની નારાજગી હજુ દૂર થઈ નથી. ધારાસભ્યની આ ગેરહાજરી વહીવટી તંત્ર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ વચ્ચેના ગજગ્રાહ તરફ અંગુલિનિર્દેશ કરે છે.

બીજી તરફ, કરજણ-પોરના ધારાસભ્ય અક્ષય પટેલે બેઠકમાં મક્કમતાથી રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે કરજણ નગરપાલિકામાં ઘરેલુ ગેસ પાઈપલાઈનનું ખાતમુહૂર્ત સાંસદ મનસુખ વસાવાની હાજરીમાં કરવામાં આવ્યું હોવા છતાં હજુ સુધી કામગીરી શૂન્ય છે. લોકો તંત્ર સામે સવાલો કરી રહ્યા છે. આ મુદ્દે ચીફ ઓફિસરે વહેલી તકે કામ શરૂ કરવાની ખાતરી આપી હતી.

અક્ષય પટેલે વર્ષોથી બંધ પડેલી નર્મદાની કેનાલોનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. તેમણે માગ કરી હતી કે જે કેનાલો વપરાશમાં નથી ત્યાં પાઈપ નાખીને ખેડૂતો માટે રસ્તો ખુલ્લો કરવામાં આવે જેથી તેમને કિલોમીટરો સુધીનો ફેરો ન કરવો પડે. આ ઉપરાંત, વેમાર અને સાદલી ગામની સાંકડી રેલવે ફાટકોને કારણે થતા અકસ્માતો અટકાવવા માટે તેને નારેશ્વર-પાલેજ ફાટકની જેમ પહોળી કરવા પણ ભાર મૂક્યો હતો.


બીજી તરફ પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, પાદરા ચાણસદથી સમિયાલા ને જોડતો વેસ્ટર્ન બાયપાસ રોડ જે સંપાદનને કારણે વર્ષોથી અટકેલો છે. તે સંપાદન પૂર્ણ કરી રોડ જોઈન્ટ કરીને આખો રોડ ચાલુ કરવામાં આવે. પાદરા વડોદરા રોડ પર સર્જાતા ટ્રાફિક જામને કારણે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે, જે માટે દરેક પિક પોઈન્ટ પર ટ્રાફિક જવાનો તૈનાત કરવા આવે અને ટ્રાફિકને હળવો કરવામાં આવે. પાદરા જંબુસર રોડ બનીને તૈયાર થઈ ગયો છે પરંતુ બે પોઈન્ટ પર નર્મદા કેનાલ ક્રોસ થાય છે જેથી રોડ પહોળો થઈ શક્યો નથી. એના માટે જરૂરી મંજૂરી લઈ કામ વહેલી તકે પૂર્ણ કરવામાં આવે. વડોદરાથી જે SDP નું પાણી સોખડા ખુર્દ સુધી આવે છે અને ત્યાંથી વિશ્વામિત્રીમાં જાય છે તે રસ્તામાં સિંચાઈ વિભાગ દ્વારા નાના ભૂંગળા નાખવામાં આવ્યા છે જેને મોટું નાળું બનાવી દેવામાં આવે તો વ્હેલી તકે અને સારી રીતે પાણી પસાર થઈ શકે ની રજૂવાત તેમણે કરી હતી.

જિલ્લા કલેક્ટરે તમામ પડતર પ્રશ્નોની ગંભીરતા નોંધી અધિકારીઓને જોઈન્ટ વિઝિટ કરવા અને વહેલી તકે રિપોર્ટ સોંપવા આદેશ આપ્યા હતા. જોકે, ધારાસભ્યો અને અધિકારીઓ વચ્ચેના તાલમેલના અભાવના મુદ્દે આ બેઠક વડોદરાના રાજકારણમાં ગરમાવો લઈ આવી છે.

### પોલીસે ભારે જહેમત બાદ ખોરવાયો વાહનવ્યવહાર રાબેતા મુજબ કરાવ્યો

# સિંધરોટ બ્રીજ પર ત્રિપલ અકસ્માત, બે કાર અને બાઈક અથડાતા બે ઈજાગ્રસ્ત





(પ્રતિનિધિ), વડોદરા. તા.20

શહેરના સિંધરોટ બ્રીજ પર બે કાર અને એક મોટરસાયકલ વચ્ચે ગંભીર અકસ્માત સર્જાતા અરેરાટી વ્યાપી ગઈ હતી. આ અકસ્માતમાં બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને 108 એમ્બ્યુલન્સ મારફતે ગોત્રી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માતને પગલે બ્રીજ પર વાહનોની લાંબી કતાર લાગી હતી અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતા જ તાલુકા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. બ્રીજ પર અકસ્માતને કારણે વાહનવ્યવહાર ખોરવાયો હતો, જેને પોલીસે ભારે જહેમત બાદ કાર્યરત કરાવ્યો હતો.

### વૈકલ્પિક આવાસની ફાળવણી વિના જ ઘર વિહોણા કરાયાનો આક્ષેપ

# સન ફાર્મા રોડ પર કોર્પોરેશનનું બુલડોઝર ફર્યું, જાદેશ્વર નગરના રહેણાંક મકાનો જમીનદોસ્ત

**તંત્રની** ઓચિંતી કાર્યવાહીથી સ્થાનિકોમાં ભારે રોષ

(પ્રતિનિધિ) વડોદરા તા.21

મહાનગરપાલિકાની દબાણ શાખાની ટીમ દ્વારા શનિવારે શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા સન ફાર્મા રોડ પાસે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ટીપી રોડના અમલીકરણમાં અવરોધરૂપ બનતા જાદેશ્વર નગર યુએલસી કોલોની ના આશરે 10 થી 12 જેટલા મકાનોને પોલીસ બંદોબસ્ત સાથે તોડી પાડવામાં આવ્યા હતા. તંત્રની આ ઓચિંતી કાર્યવાહીને પગલે સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ અને અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો.

મકાન ગુમાવનારા સ્થાનિક મહિલાઓએ રડતા રડતા આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "અમે અહીં છેલ્લા 35 વર્ષથી રહીએ છીએ. આ મકાનો અમને સરકાર તરફથી જ ફાળવવામાં આવ્યા હતા. 16 વર્ષ પહેલા પણ એકવાર તોડફોડ કરવામાં આવી હતી અને ત્યારબાદ અમે ફરીથી અહીં વસવાટ કર્યો હતો. આજે સવારના સમયે અચાનક તંત્રની ટીમ ત્રાટકી હતી અને સામાન બહાર કાઢવાનો મોકો આપ્યા વિના જ તોડફોડ શરૂ કરી દીધી હતી."



રહીશોનો મુખ્ય આક્ષેપ છે કે તંત્ર દ્વારા તેમને કોઈ પણ પ્રકારની પૂર્વ સૂચના કે નોટિસ આપવામાં આવી નહોતી. વધુમાં, તેમને રહેવા માટે કોઈ વૈકલ્પિક આવાસ કે ઘરની ફાળવણી પણ કરવામાં આવી નથી. સ્થાનિકોએ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, "નાના નાના બાળકો અને વહુઓ સાથે અમે ભરબપોરે ક્યાં જઈએ? અમને જો 2-3 દિવસની મુદત આપી હોત તો અમે અમારો સામાન સુરક્ષિત રીતે ખસેડી શક્યા હોત. તંત્રએ અમને મકાન આપ્યા નથી અને છતાં ઘર વિહોણા કરી દીધા છે."

દબાણ શાખાની કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. વિરોધ કરી રહેલા લોકોને હટાવીને જેસીબી મશીન દ્વારા મકાનો તોડી પાડવામાં આવ્યા હતા. આ કાર્યવાહીને કારણે રસ્તા પર ઘરવખરીનો સામાન વેરવિખેર જોવા મળ્યો હતો અને અનેક પરિવારો ખુલ્લા આકાશ નીચે આવી ગયા હતા.

### એક્ટિવા પર જતાં બે મિત્રોને નડ્યો અકસ્માત, ધોરણ-10ની પરીક્ષા આપનાર યુવક હોસ્પિટલમાં

# ગોલ્ડન ચોકડી પાસે ટ્રેલર પાછળ એક્ટિવા ઘૂસી જતાં યુવકનું મોત, મિત્ર લોહીલુહાણ


**મહાવીર** નામના યુવકનો જીવ ટ્રેલર નીચે કચડાયો, વડોદરાના હાઈવે પર અરેરાટી

(પ્રતિનિધિ) વડોદરા. તા.21

શહેરના હાઈવે પર બેફામ દોડતા વાહનોને કારણે વધુ એક આશાસ્પદ યુવકે જીવ ગુમાવ્યો છે. શનિવારે (21 ફેબ્રુઆરી) સવારે નેશનલ હાઈવે 48 પર ગોલ્ડન ચોકડીથી આજવા ચોકડી તરફ જતા માર્ગ પર સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં એક એક્ટિવા ચાલક યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે તેનો મિત્ર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મૃતક મહાવીર વિરપરા તેના મિત્ર યુવરાજ ઠાકોર સાથે એક્ટિવા પર સવાર થઈને ગોલ્ડન ચોકડીથી પસાર થઈ રહ્યો હતો. તે દરમિયાન આગળ જઈ રહેલા એક ટ્રેલરની પાછળ એક્ટિવા ધડાકાભેર ઘૂસી ગઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે મહાવીરને ગંભીર ઈજાઓ પહોંચતા તેનું પ્રાણપંખેરું ઉડી ગયું હતું. હાઈવે પર લોહીથી લથપથ હાલતમાં યુવકનો મૃતદેહ જોઈને રાહદારીઓના કાળજા કંપી ઉઠ્યા હતા.

અકસ્માતમાં પાછળ બેઠેલા યુવરાજ ઠાકોરને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેને તાત્કાલિક 108 મારફતે સયાજી હોસ્પિટલ (SSG) ખાતે ખસેડવામાં આવ્યો હતો. જાણવા મળ્યું છે કે ઈજાગ્રસ્ત યુવરાજ ધોરણ-10ની રિપીટર પરીક્ષાની તૈયારી કરી રહ્યો હતો. બંને મિત્રો વહેલી સવારે ઘરેથી કયા કામ અર્થે નીકળ્યા હતા, તે અંગે પોલીસ તપાસ કરી રહી છે.



અકસ્માતની જાણ થતા જ હરણી પોલીસ અને ટ્રાફિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતક મહાવીરના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલ મોકલી આપી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. હાઈવે પર અકસ્માતને પગલે વાહનોની લાંબી કતારો લાગી હતી, જેને પોલીસે મહામુસીબતે પૂર્વવત કરાવી હતી. અચાનક બનેલી આ ઘટનાથી મહાવીરના પરિવાર પર આભ તૂટી પડ્યું છે. વહેલી સવારે હસતા મોઢે ઘરેથી નીકળેલા પુત્રનો મૃતદેહ જોતા પરિવારજનોના આક્રંદથી હોસ્પિટલનું વાતાવરણ પણ ગમગીન બની ગયું હતું.


# લગ્ન પછી પણ પૂર્વ પ્રેમિકાને હેરાન કરનાર મુસ્લિમ યુવક સામે ફરિયાદ

**બંને** અલગ-અલગ ધર્મના હોવાથી પરિવારજનો દ્વારા લગ્ન માટે સંમતિ અપાઈ ન હતી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 21

વડોદરા શહેરમાં એક મુસ્લિમ યુવકે લગ્ન થઈ ગયા હોવા છતાં તેની પૂર્વ હિન્દુ પ્રેમિકાને ફરી સંબંધ રાખવા દબાણ કરી અને મરી જવાની ધમકી આપતાં મામલો ગોત્રી પોલીસ મથક સુધી પહોંચ્યો છે. યુવતીની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ફરિયાદ મુજબ, ખાનગી કંપનીમાં નોકરી કરતી હિન્દુ યુવતીનો વર્ષ 2020માં સોશિયલ મીડિયા મારફતે તાંદલજાનો રહેવાસી મહોમદ કૈફ સાથે સંપર્ક થયો હતો. મિત્રતા બાદ બંને વચ્ચે પ્રેમસબંધ બંધાયો હતો અને લગ્ન કરવાનો નિર્ણય પણ કર્યો હતો. જોકે, બંને અલગ-અલગ ધર્મના હોવાથી પરિવારજનો દ્વારા લગ્ન માટે સંમતિ અપાઈ ન હતી.



દરમિયાન યુવકના પરિવારજનો દ્વારા તેના ધર્મની યુવતી સાથે લગ્ન કરાવી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ યુવતીએ તમામ સંબંધ તોડી નાંખ્યા હોવા છતાં યુવક દ્વારા વારંવાર ફોન કરી હેરાન કરવામાં આવતી હતી. યુવતીએ નંબર બ્લોક કર્યા છતાં યુવક અલગ-અલગ નંબરથી કોલ કરી 'સબંધ નહીં રાખે તો આત્મહત્યા કરી લેશે' તેવી ધમકી આપતો હતો. અંતે યુવતીએ ગોત્રી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે યુવક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### હોસ્ટેલની વિદ્યાર્થિનીઓના આરોગ્ય સામે જોખમ

# પોલિટેકનિક સમરસ ગર્લ્સ હોસ્ટેલની કેન્ટીન સહિત 25 સ્થળોના ખાદ્ય નમૂના 'ફેઈલ'

**કોર્પોરેશનના** આરોગ્ય વિભાગ દ્વારા લેવાયેલા તેલ, પનીર અને મસાલાના નમૂના સબ-સ્ટાન્ડર્ડ જાહેર

**'નાપાસ' થયેલા મુખ્ય નમૂનાઓ**

**સમરસ ગર્લ્સ હોસ્ટેલ કેન્ટીન (પોલિટેકનિક):** મરચું પાવડર (સબ-સ્ટાન્ડર્ડ)
**શ્રી રામદેવ પનીર સેન્ટર (માંજલપુર):** પનીર (સબ-સ્ટાન્ડર્ડ)
**ગણેશ ડેરી (કારેલીબાગ):** મિક્સ દૂધ (સબ-સ્ટાન્ડર્ડ)
**વિવિધ પ્રોવિઝન સ્ટોર્સ:** સિંગતેલ અને લુઝ મસાલામાં મિલાવટની શંકા.

(પ્રતિનિધિ) વડોદરા તા.21

શ હે રના નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરતા તત્વો સામે વડોદરા મહાનગરપાલિકાના ફૂડ સેફ્ટી વિભાગે લાલ આંખ કરી છે. તાજેતરમાં શહેરના વિવિધ વિસ્તારોમાંથી લેવામાં આવેલા ખાદ્ય પદાર્થોના નમૂનાઓના લેબોરેટરી રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. પોલિટેકનિક સ્થિત સમરસ ગર્લ્સ હોસ્ટેલની કેન્ટીન સહિત કુલ 25 જેટલા સ્થળોએથી લેવાયેલા નમૂનાઓ 'સબ-સ્ટાન્ડર્ડ' જાહેર કરવામાં આવ્યા છે.

મ્યુનિસિપલ કમિશનરની સૂચના અને ડેઝિગ્નેટેડ ઓફિસરના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલી આ કાર્યવાહીમાં શુદ્ધ તેલ, પનીર, મરચું પાવડર અને અન્ય મસાલાઓના નમૂના લેવામાં આવ્યા હતા. આ નમૂનાઓને પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં ચકાસણી માટે મોકલવામાં આવ્યા હતા, જેનો રિપોર્ટ આવતા શૈક્ષણિક સંસ્થાઓ અને જાણીતા વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. સૌથી ગંભીર બાબત એ છે કે સરકારી પોલિટેકનિક કેમ્પસમાં આવેલી સમરસ ગર્લ્સ હોસ્ટેલની કેન્ટીન માંથી લેવાયેલ મરચું પાવડર નો નમૂનો તપાસમાં નાપાસ થયો છે. હજારો વિદ્યાર્થિનીઓ જ્યાં ભોજન લે છે તેવી સંસ્થામાં જ હલકી કક્ષાના મસાલાનો વપરાશ થતો હોવાનું સામે આવતા વાલીઓમાં ચિંતાની લાગણી પ્રસરી છે. આ ઉપરાંત શહેરના અન્ય વિસ્તારો જેવા કે આજવા રોડ, કારેલીબાગ અને માંજલપુરની ડેરીઓ તથા પ્રોવિઝન સ્ટોર્સમાંથી લેવાયેલા પનીર અને તેલના નમૂના પણ ધોરણો મુજબના માલૂમ પડ્યા નથી.